# કોરોના ઘાતક બન્યો : સિવિલમાં ૩૬ કલાકમાં ૨૩ના મોત

**શુક્રવારે સવારે ૮ થી સાંજના ૮ દરમિયાન ૧૨ અને શનિવારે સવારે ૮ થી સાંજના ૬ વાગ્યા સુધીમાં ૨૩ કોવિડ પોઝિટિવ દર્દીઓના અંતિમ સંસ્કાર કરાયા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા છત્રીસ કલાકમાં ૨૩ દર્દીઓના મોતની ઘટનાએ તંત્રને હચમચાવી દીધુ છે. કોવિડ-૧૯ માટે ડેઝીગ્નેટેડ થયેલ હોસ્પિટલમાં આજે ૧૨ કોરોના પોઝીટીવ અને ૩ શંકાસ્પદ કોરોના દર્દીઓના મોતની ઘટનાથી શહેરમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

દિવા તળે જ અંધારૂ અનુભવતુ ગાંધીનગર બિચારૂ બાપડાની સ્થિતિ હાલ અનુભવી રહ્યુ છે. આ સિવિલના તબીબોને અન્ય સિવિલમાં પ્રતિનિયુક્તી પર મુકવામાં આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ડેઝીગ્નેટેડ હોસ્પિટલ કરવાની હતી તે દિવસથી આજ દિન સુધી મેનપાવરની અછત અંગે તંત્રએ કે હોસ્પિટલના સત્તાવાળાઓએ હુંકાર પણ ભણ્યો નથી.

ગત સપ્તાહે ૭ થી ૮ મોત દિવસના નોંધાયાની ઘટનાઓ અખબારી પાને ચમકી ચુક્યા પછી પણ તંત્ર જે રીતે મૌન સેવી રહેલ છે તેથી લોકોમાં પણ ચિંતાની આગ વધુ ને વધુ ભડકી રહી છે.

કોરોના વાયરસની મહામારી એ રાજ્યમાં અજગરી ભરડો લીધો છે. પાટનગર ગાંધીનગરમાં સંક્રમણના કેસો જે રીતે વધી રહ્યા છે અને જે રીતે મૃત્યુઆંક વધી રહ્યો છે તેને લઈ તંત્ર જે મૌન સેવી રહ્યુ છે તેથી લોકોમાં ભયની લાગણી પણ પ્રસરી જવા પામી છે.

ગઈકાલ સવારથી આજ સવારના ૮ વાગ્યા સુધીમાં ૧૫ દર્દીના મોતથી તંત્ર હચમચી ઉઠ્યુ છે. જે દર્દીઓના મોત થયા છે તેમાં ૧૨ કોરોના પોઝીટીવ અને ૩ શંકાસ્પદ દર્દીઓના મોત થયાની ઘટના સામે આવી છે. આ મૃતકોમાં નવ પુરૂષો અને ૩ મહિલાનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં કોરોનાના કેસોની સંખ્યા ૩૧૦૦ને પાર કરી ગઈ છે પણ દર્દીઓના મોત અંગે તંત્રની ચૂપકીદી આજે પણ યથાવત રહેવા પામી છે. જિલ્લા આરોગ્યતંત્રની સત્તાવાર યાદીમાં આજે એક પણ દર્દીનું અવસાન નહિ થયાનું દર્શાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાની આરોગ્યતંત્રની મળેલ વિવિધ બેઠકોમાં કેસોની સંખ્યાને લઈ ચર્ચાઓ થઈ છે પરંતુ વધતા જતા મોતના આંકડાઓને લઈ ક્યારેય ચર્ચાઓ થઈ હોવાની વાતો બહાર આવી નથી.

આજે સવારથી જ ૧૨ દર્દીના મોતની વાતો બહાર આવતાં જ બપોરના પ્રભારી સચિવ સુશ્રી સુનયના તોમરે તાબડતોબ બેઠક કલેક્ટર કચેરી ખાતે બોલાવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતા અંગે વારંવાર અખબારી અહેવાલો પ્રગટ થયા છે પરંતુ સરકાર દ્વારા પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં એન્ટીજન ટેસ્ટમાં પોઝીટીવ જણાયેલ દર્દીઓના આંકડા આજે પણ જાહેર કરાયા નથી એટલુ જ નહિ દર્દીઓની સ્થિતિ વિશે પૃચ્છા કરવી હોય તો તંત્રના અધિકારીઓ ફોન ઉપાડતા જ નથી. કેટલા દર્દીઓ વેન્ટીલેટર પર છે તેની જાણકારી પણ તંત્ર દ્વારા અપાતી નથી. સરકાર દ્વારા જાહેર થતા આંકડા અને જિલ્લાતંત્રના આંકડાઓની વિસંગતતા વિશે પણ વારંવાર રજુઆતો કરાઈ છે પરંતુ તંત્ર દ્વારા સતત મૌન સિવાય કોઈ જ પ્રતિભાવ મળતો નથી. સર્વેલન્સ કે કન્ટેનમેન્ટ ઝોન અંગે પણ મૌન સેવવામાં આવી રહ્યુ છે.

## મુખ્યમંત્રી કાર્યાલયના ચાર સહિત તેર કર્મચારીઓને કોરોના

**કેબીનેટ મંત્રીના કાર્યાલયના ત્રણ, રાજયકક્ષાના મંત્રી કાર્યાલયમાં બે અને વિધાનસભા કાર્યાલયમાં ચાર કર્મીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા**

ગાંધીનગર, તા.૧૯

સોમવારથી શરૂ થઈ રહેલા વિધાનસભા સત્ર પહેલા તકેદારીના ભાગરૂપે વિધાનસભા અને મંત્રીઓની કચેરીઓના સ્ટાફનો કોરોના ટેસ્ટ કરવામાં આવતા ૧૩ અધિકારીઓ-કર્મચારીઓના રીપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર ચોંકી ઉઠયું છે.

વિધાનસભાનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે. સત્ર શરૂ થાય તે પહેલા મંત્રીઓ, ધારાસભ્ય, તેમનો સ્ટાફ, બંદોબસ્તમાં જોડાનાર પોલીસકર્મીઓ, પત્રકારો અને વિધાનસભા સ્ટાફનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. છેલ્લા બે દિવસથી ચાલી રહેલી આ કવાયતમાં ૧૩ જેટલા કર્મચારીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. સ્વર્ણિમ સંકુલ-૧માં મુખ્યમંત્રી કાર્યાલયમાં જ ચાર કર્મચારીઓનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે પૈકી મુખ્યમંત્રી જે લીફટમાં આવન-જાવન કરે છે તે લીફટના લીફટમેનનો રીપોર્ટ પોઝીટીવ આવતા ફફડાટ વ્યાપી ગયો છે. આ ઉપરાંત અન્ય ત્રણનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. કેબીનેટ મંત્રી જવાહર ચાવડાના કાર્યાલયમાં ત્રણ તો રાજયકક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલના કાર્યાલયના બે કર્મીઓનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વિધાનસભા કાર્યાલયમાં ફરજ પર રોકાયેલા કર્મચારીઓ પૈકી ચારનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ વીવીઆઈપી સંકુલમાં જ એક સાથે ૧૩ કર્મચારીઓનો રીપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર ચોંકી ઉઠયું છે.

વિધાનસભા સત્ર પહેલાં જ મોટી સંખ્યામાં કોરોના પોઝીટીવ આવતાં મંત્રીઓ, ધારાસભ્યો પણ ફફડાટ અનુભવી રહ્યા છે.

## મેલેરિયાતંત્રએ ૧૫ ઔદ્યોગિક વિસ્તારોમાં નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની મેલેરિયાતંત્રની ટીમોએ આજે ૧૫ ઔદ્યોગિક તેમજ કોમર્શિયલ વિસ્તારમાં મચ્છરોના ભારે બ્રિડીંગ મળતાં નોટીસ ફટકારી છે તેમજ આવા એકમો પાસેથી રૂ. ૨૦,૨૦૦નો દંડ પણ વસુલ્યો છે.

જિલ્લામાં આજે તમામ ઔદ્યોગિક વિસ્તાર-વસાહત કોમર્શિયલ કોમ્પલેક્ષમાં તંત્રની ટીમો ત્રાટકી હતી. ૩૨૨ જેટલા ઔદ્યોગિક વિસ્તાર-વસાહત અને કોમર્શિયલ કોમ્પલેક્ષોમાં ૩૯૮૮ જેટલા મચ્છર ઉત્પત્તિના સંભવિત સ્થાનોની ચકાસણી કરી હતી જેમાંથી ૨૪૨ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

આ તમામ સ્થાનો પર




તંત્રની ટીમોએ એન્ટી લારવેલ અને સોર્સ રિડકશનની કામગીરી કરી હતી. તંત્રની ટીમોએ માણસા તાલુકામાં ૧૨ જેટલા ઔદ્યોગિક વિસ્તાર-વસાહત તેમજ કોમર્શિયલ વિસ્તારના એકમોને નોટીસ ફટકારી હતી. જ્યારે કલોલ-ગાંધીનગર અને દહેગામમાં ૧-૧-૧ નોટીસ ફટકારી હતી.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તેના માટે આ બીજો રાઉન્ડ સર્વેલન્સનો હાથ ધરવામાં આવ્યો હતો. આ બીજા રાઉન્ડમાં તંત્ર દ્વારા રૂ. ૪૫ હજારથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે જે નોંધનીય છે.

ગાંધીનગર તાલુકાના ૧૦૮ જેટલા ઔદ્યોગિક વિસ્તાર-વસાહત અને કોમર્શિયલ

● અનુસંધાન પાન-૭ પર

## માણસા તાલુકા વિકાસ અધિકારી કોરોનાગ્રસ્ત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા વિકાસ અધિકારી શ્રીમતિ જે. કાપડિયા કોરોનાથી સંક્રમિત થતાં તેમને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ગઈકાલે મોડી રાત્રે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો અને તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અગાઉ માણસાના તાલુકા આરોગ્ય અધિકારી સંક્રમિત થયા હતા હવે તાલુકા વિકાસ અધિકારી સંક્રમિત થયા છે. જિલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે.

માણસામાં સતત કેસો વધી રહ્યા છે એટલુ જ નહિ હવે જિલ્લાના ચારેય તાલુકામાં કોરોના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યાની વાતો લોકમુખે થઈ રહી છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ ફોન કરી કેશુબાપાની ખબરઅંતર પુછી

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુબાપાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧ વાગ્યાના સુમારે તેમની સાથે ટેલિફોનથી વાતચીત કરી અને તબિયતને લઈ પૃચ્છાઓ કરી હતી. આ બન્ને નેતાઓ વચ્ચે ૧૦ મિનિટ સુધી વાતચીત ચાલી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર મનપાએ આજે સત્તાવાર રીતે બાપા સંક્રમિત થયા હોવાનું જાહેર કર્યુ છે. જો કે તેમનો રિપોર્ટ ગઈકાલે આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## વિધાનસભાથી જ-માર્ગને જોડતા માર્ગ પર બોટલ બ્રશના રોપાઓની વાવણી કરાશે

**નવા અને જુના સચિવાલય વચ્ચેના માર્ગ પર પણ બોટલ બ્રશના લાલ રંગના ફુલો નિખરશે : બ્રશ આકારના ફુલોના રોપાઓનુ નવતર વાવેતર કરાશે**

ગાંધીનગર તા ૧૯

હરિયાળા ગાંધીનગરને વધુ ગ્રીન બનાવવા માટે વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે શહેરના વિવિધ માર્ગો પર પણ કલર કોડ મુજબ જુદા જુદા રંગના રોપાઓની વાવણી કરવામા આવે છે. જયારે હવે વનતંત્ર દ્વારા વિધાનસભા ગેટ નં -૨ અને ૩ પાસેથી જ માર્ગને જોડતા માર્ગ પર બન્ને સાઈટ બોટલ બ્રશના રોપાઓની વાવણી કરાશે. વનતંત્ર દ્વારા બોટલ બ્રશના ૧૬૦૦ રોપાઓની વાવણી કરાશે. જેના અંતે નવા અને જુના સચિવાલય

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના વધુ ૧૮ કેસ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો આજે ૧૧૦૦ના આંકને પાર કરી ગયા છે. આજે વધુ ૧૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૧૧૫ થઈ છે.

આજે સે. ૨૦ માં ૩, સે. ૩૦ માં ૩, સે. ૬ માં ૨, સે. ૪ માં ૨, સે. ૮ માં ૨ ઉપરાંત સે. ૭, ૨૧, ૪, ૨૪, ૨૯ તેમજ બાસણ ગામેથી કેસો મળી આવ્યા છે.

**આજે સે. ૨૦ માં ૩, સે. ૩૦ માં ૩, સે. ૬ માં ૨, સે. ૪ માં ૨, સે. ૮ માં ૨ ઉપરાંત સે. ૭, ૨૧, ૪, ૨૪, ૨૯ તેમજ બાસણ ગામેથી કેસો મળી આવ્યા**

આજે મનપાની સત્તાવાર યાદીમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સહિત ૩ વ્યક્તીઓ સે. ૨૦ માં સંક્રમિત થયાનું જણાવ્યુ છે. કેશુભાઈ પટેલ ઉપરાંત તેમના કલાર્ક તેમજ ઓપરેટર પણ સંક્રમિત થયા છે. આ ઉપરાંત એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બાસણ ગામેથી એક ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૬ માંથી આજે બે કેસ મળ્યા છે. આ સેક્ટરમાંથી નિવૃત્ત ૬૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમનો સારવાર માટે ખાનગી

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૧ કેસ

**ગાંધીનગરમાં ૧૧, દહેગામમાં ૨, કલોલમાં ૪ અને માણસામાં ૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૨૧ કેસ મળી આવ્યા છે તેમ જિલ્લાતંત્રની યાદીમાં જણાવાયુ છે જ્યારે રાજ્ય સરકારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૨૩ કેસ મળ્યા હોવાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

જિલ્લામાં જે ૨૧ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૧૧, દહેગામમાં ૨, માણસામાં ૪ અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં આલમપુરના મિલીટ્રી સ્ટેશનમાં આજે વધુ ૩ જવાનો સંક્રમિત થયા છે. જેમાં ૪૦ વર્ષીય, ૩૧ વર્ષીય અને ૩૫ વર્ષીય જવાનનો સમાવેશ થાય છે. આજે સીઆરપીએફ લેકાવાડા ખાતેથી એક ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રના અધિકારીઓ વધી રહેલા સંક્રમણને લઈ આ બન્ને કેમ્પના સત્તાવાળાઓ સાથે વાત કરી હોવાનું જાણવા મળેલ છે.

રૂપાલ ગામેથી ૫૫ વર્ષીય પુરૂષ, અડાલજ ગામેથી ૨૦ વર્ષીય યુવાન, પેથાપુરમાંથી ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકાના વલાદ ગામેથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૩૬ વર્ષીય પુરૂષ અને ૨૮ વર્ષીય ગૃહીણીનો સમાવેશ થાય છે. આ બન્નેને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા છે.

કોબા ગામેથી ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો કુડાસણ ગામેથી પણ ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જો કે સરઢવ ખાતે ગુરૂવારે કરાયેલ એન્ટીજન ટેસ્ટમાં ૭ દર્દીઓ કોરોના પોઝીટીવના મળ્યા હોવા છતાં તંત્ર દ્વારા હજુ આ અંગે મૌન સેવવામાં આવી રહ્યું છે.

દહેગામ તાલુકાના લવાડ ફાર્મ ખાતેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૬૬ વર્ષીય પુરૂષ અને ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ

● અનુસંધાન પાન-૭ પર

## રેલવે સ્ટેશન પાસેથી દબાણો દુર કરવાનો કાર્યક્રમ મોકુફ રખાયો

**દબાણકર્તાઓને જરૂરી સામાન ખસેડવા તેમજ વૈકલ્પિક વ્યવસ્થા માટે સમય અપાયો : આગામી દિવસોમાં દબાણો દુર કરવા કામગીરી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૯

રેલવે સ્ટેશન પાસેના દબાણો પર બુલડોઝર ફેરવવાનો નિર્ણય થોડા દિવસો માટે મોકુફ રખાયો છે. રેલવે સ્ટેશન આસપાસના વિસ્તારોમાં દબાણોની ભરમાર હોવાથી આ મામલે છેલ્લા કેટલાક સમયથી દબાણો દુર કરવા માટે તંત્રએ કાર્યયોજના તૈયાર કરી હતી જયારે આ વિસ્તારમા અંદાજિત ૫૭૨ જેટલા કાચા પાકા ઝુંપડાના દબાણો છે. આ દબાણોના લીધે છેલ્લા એક વર્ષથી રેલવે અન્ડર પાસની કામગીરી પણ બંધ છે. સ્ટેશન વિસ્તારમાં અન્ડરપાસને આડશ બનતા દબાણો દુર કરવા માટે આજે સવારથી માર્ગ મકાન વિભાગ , કલેકટર કચેરી તેમજ કોર્પોરેશનની સંયુકત ટીમ દ્વારા મેગા અભિયાન હાથ ધરવામાં આવનાર હતુ દબાણકર્તાઓ પૈકી ૧૨૮ લાભાર્થીઓને કોલવડા સ્થિત ઝુંપડાવાસીઓની આવાસ યોજનામાં મકાનો પણ ફાળવી દેવાયા છે. જયારે બાકીના ઝુંપડાવાસીઓનો સામાન પણ આજે દુર કરી દબાણોનો સફાયો કરવા માટે તંત્ર ત્રાટકવાનુ હતુ પરંતુ આ દરમિયાન આજે દબાણનો મામલો કોર્ટ રાહે પહોંચતા દબાણો દુર કરવા માટે દબાણકર્તાઓએ સમય માંગ્યો હતો. અલબત્ત તેમનો માલ સામાન ખસેડવા માટે જરૂરી સમય આપવાની અરજ પણ કોર્ટમાં કરવામાં આવી હતી. જેના અંતે દબાણો દુર કરવાનો કાર્યક્રમ હાલ પુરતો મોકુફ રાખવામાં આવ્યો છે. આગામી બે સપ્તાહમાં સ્થળ પરથી દબાણો દુર કરવા માટે કાર્યવાહી હાથ ધરાશે. શહેરમાં મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી ક અને ખ માર્ગના જોડાણ માટે અન્ડર પાસનુ કામ મોટાભાગનુ પુર્ણ થઈ ગયુ છે. જયારે છેલ્લા કેટલાક સમયથી અન્ડર પાસની કામગીરી બંધ છે. દબાણો વચ્ચે ઘેરાયેલા આ પ્રોજેકટનુ કામ પણ દબાણો દુર થાય બાદ આખરી થશે જયારે આજે દબાણ ઝુંબેશનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે. આગામી દિવસોમાં દબાણો દુર કરવા માટે આયોજન કરાશે. જયારે ત્યાં સુધીમાં દબાણકર્તાઓ પોતાના જરૂરી સામાન તેમજ વૈકલ્પિક વ્યવસ્થા પણ ઉભી કરી લેશે.


દુઃખદ અવસાન



અ.સૌ.કૈલાસબેન ડી. રાવલ

(ઉનાવા) (ન્યુજર્સી-અમેરિકા મુકામે)

તા. ૧૨-૯-૨૦૨૦ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાન રાખીને સદ્દગતનું ટેલિફોનીક બેસણું આજરોજ રાખેલ છે.

ગં.સ્વ.પ્રભાવતીબેન હસમુખરાય રાવલ - (India - 9265944936)
જનક એન. રાવલ - (India - 9979624465)
ધર્મેશ પી. રાવલ - (India - 9408197336)

ધર્મેન્દ્ર ડી. રાવલ
કાશ્મીરા મનીષકુમાર ઠાકર (India - 9409645961)
સોનલ આનંદકુમાર ભટ્ટ
રશ્મિકા કલ્પેશકુમાર દવે (USA + 1 (973) 9410941)

પ્લોટ વેચવાનો છે

ગાંધીનગર –મહુડી રોડ, સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક અને અલુવા હિલ્સ નજીક આવેલ બંસરી ગ્રીનમાં પ્લોટ નંબર- ૧૨, ૮૧૨ સ્કવેર યાર્ડ પ્લોટ વેચવાનો છે.

સંપર્ક નંબર : 98253 06605

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ

અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com